# આશા વર્કરોના પગારમાં ૫૦ ટકાનો વધારો, ખેડૂતોને ૧૮ ટકા જીએસટીમાં માફી

## કરાર આધારીત કર્મયોગીઓને ૨૫૦ સુધીનું દૈનિક-મુસાફરી ભથ્થુ, ૧૧ રજાઓ, ૯૦ દિવસની માતૃત્વ રજા અને રૂા.૨ લાખ સુધીની મૃત્યુ સહાય અપાશે

ગાંધીનગર,તા.૨૪

ગુજરાતમાં ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે. હાલમાં ગુજરાતમાં ચૂંટણીની લડાઈ માત્ર બીજેપી અને કોંગ્રેસ વચ્ચે નથી પણ બીજા અનેક પરિબળો તેની પર અસર કરી રહ્યા છે. આ સંજોગોમાં રાજ્યની બીજેપી સરકારે પોતાની કમર કસી છે અને બહુ અંદાજે ૧૨ જેટલી બહુ મોટી જાહેરાતો કરી છે જે પ્રજાના હિતમાં છે.

રાજ્યમાં લાંબા સમયથી આશા વર્કર બહેનો વિરોધ કરી રહી છે ત્યારે તેમના પગારમાં ૫૦%નો વધારો કરવાની જાહેરાત કરીને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વાત ઠંડી પાડવાનો પ્રયાસ કર્યો છે. ૪૦ હજાર આશા વર્કર બહેનોને સરકારના નિર્ણયનો લાભ મળશે અને આ નિર્ણયના લીધે સરકારી તિજોરી પર ૫૮ કરોડનો બોજો પડશે.

રાજ્યની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની આશાવર્કર બહેનોને હાલમાં મળતી પ્રોત્સાહક રકમમાં ૫૦%નો તા.૦૧/૦૪/૨૦૧૭ની અસરથી વધારો કરવામાં આવ્યો છે. જેનો રાજ્યની ૪૦,૦૦૦ કરતાં પણ વધુ આશાવર્કર બહેનોને પ્રોત્સાહક રકમમાં વધારાનો લાભ મળશે. જેના કારણે રાજ્ય સરકાર ઉપર અંદાજીત વાર્ષિક રૂ.૫૭.૧૪ કરોડનો બોજો પડશે.



રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આશાવર્કર બહેનો દ્વારા આરોગ્ય સેવાઓના યોગદાનના કદર રૂપે દરેક આશાવર્કર બહેનને વર્ષમાં એક વખત બે સાડી અથવા ડ્રેસ વિના મૂલ્યે આપવાનો પણ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જેના માટે રાજ્ય બજેટમાંથી રૂ.૫.૩૦ કરોડ અને એન.એચ.એમ.માંથી રૂ.૧.૮૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આશાવર્કર બહેનોને સરકાર દ્વારા નિયત કરેલ આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ માટે કામગીરીના આધારે પ્રોત્સાહક રકમ ચૂકવામાં આવે છે. જે અંદાજે પ્રતિમાસ રૂ.૨,૦૦૦ થી ૨,૫૦૦ જેટલી થતી હોય છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની વ્યક્તિલક્ષી કલ્યાણકારી યોજનાઓના લાભો મેળવવા માટે ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂા.૪૭,૦૦૦/- નિયત થયેલી છે જેમાં, સુધારો કરી રૂા.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારો માટે વાર્ષિક આવક મર્યાદા રૂા.૬૮,૦૦૦/-નિયત થયેલી છે. જેમાં સુધારો કરી રૂા.૧,૫૦,૦૦૦/- કરવાનો નિર્ણય સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરાયો છે.

આવક મર્યાદામાં આ મુજબ વધારો કરાતા, રાજય સરકાર ઉપર વધારાનો અંદાજે કુલ રૂા.૫૬.૬૩ કરોડ નો બોજો પડશે અને વધારાના અંદાજે ૨.૫૦ લાભ લાભાર્થીઓને લાભ મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજયના ખેડૂતોની આવક બમણી કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિના લાભાર્થી ખેડૂતોએ હવે ૧૮%ના દરે જી.એસ.ટી. ભરવાનો રહેશે નહીં. સુક્ષ્મ સિંચાઇ યોજનાના લાભાર્થી ખેડૂતો ઉપર જીએસટીનો વધારાનો બોજો ન પડે અને આ યોજનાનો ખેડૂતો વધુ લાભ લઇ શકે તે માટે ખેડૂતો માથે આવતું ટેક્ષનું ભારણ રાજ્ય સરકારે પોતે ભોગવવાનું નક્કી કર્યું છે.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિના લાભાર્થી ખેડૂતોએ તા.૦૧/૦૭/૨૦૧૭થી ૧૮%ના દરે જી.એસ.ટી. ભરવાનો રહે છે. આમ, હવે સુક્ષ્મ સિંચાઇ યોજનાનો લાભ લેવા માંગતા ખેડૂતોને માથે જી.એસ.ટી.નું ભારણ શૂન્ય કરાયું છે. જેના કારણે ચાલુ વર્ષે રાજ્ય સરકાર ઉપર રૂ.૭૭.૬૪ કરોડનું વધારાનું ભારણ પડશે.

રાજય સરકારની વિવિધ કચેરી, બોર્ડ, કોર્પોરેશન, નિગમ, ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ, સોસાયટી એકટ હેઠળ રજીસ્ટ્રડ થયેલ સંસ્થાઓમાં કોઇ પ્રોજેકટ, મિશન હેઠળ અથવા અન્ય કામગીરી માટે ૧૧ માસના કરાર આધારીત હજારો કર્મયોગીઓ ફરજ બજાવી રહયા છે. આ કર્મચારીઓના હિતમાં છેલ્લા કેટલાક સમયથી તેઓને મળતા લાભોમાં વધારો કરવાની બાબત રાજય સરકારના વિચારણામાં હતી. જેને તાજેતરમાં રાજય સરકારે ૧૧ માસના કર્મયોગીઓના હિતમાં મહત્વનો નિર્ણય કરીને કરાર આધારીત કર્મયોગીઓને રૂા.૨૫૦ સુધીની દૈનિક-મુસાફરી ભથ્થુ, વર્ષ દરમિયાન આકસ્મિક સંજોગો માટે ૧૧ વધારાની રજાઓ, મહિલા કર્મચારીઓને ૧ વર્ષ બાદના કરારના સમયગાળા પછી મહત્તમ ૯૦ દિવસની માતૃત્વ રજાઓ, કર્મચારીનું ચાલુ નોકરી દરમિયાન અકસ્માત કે કુદરતી મૃત્યુ થાય તેવા કિસ્સામાં રૂા.૨,૦૦,૦૦૦/- લાખની મૃત્યુ સહાય તેમજ ૧૧ માસના કરારનો સમય પૂર્ણ થાય ત્યાર બાદ નિમણૂંકની મુદત લંબાવવા પાત્ર જણાય તેવા કિસ્સામાં વધુમાં વધુ ૧૫ દિવસની સમય-મર્યાદામાં અચૂક પણે નિમણૂંક લંબાવવાના હુકમો સુનિશ્ચિત કરવાના રહેશે.

જે કર્મચારીઓનો માસિક ફિકસ પગાર રૂા.૨૦૦૦૧ થી ૪૦૦૦૧ સુધીનો હોય, તેઓએ ફરજ દરમિયાન ૬ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાયા હોય તેમણે રૂા.૧૫૦/- અને ૧૨ કલાકથી વધુ રોકાયા હોય તો રૂા.૨૦૦/-દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે. તેમજ રાજય એસ.ટી. નિગમની બસનું ભાડુ અથવા જો રેલ્વે દ્વારા પ્રવાસ કર્યો હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટુંકામાં ટુંકા રૂટનું ભાડુ મસાફરી ખર્ચ પેટે મળવાપાત્ર થશે. જયારે જે કર્મચારીઓનો માસિક ફિકસ પગાર રૂા.૪૦૦૦૧ થી વધુ હોય, તેઓએ ફરજ દરમિયાન ૬ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાયા હોય તેમણે રૂા.૨૦૦/-અને ૧૨ કલાકથી વધુ રોકાયા હોય તો રૂા.૨૫૦/- દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે. તેમજ રાજય એસ.ટી. નિગમની બસનું ભાડુ અથવા જો રેલ્વે દ્વારા પ્રવાસ કર્યો હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટુંકામાં ટુંકા રૂટનું ભાડુ મસાફરી ખર્ચ પેટે મળવાપાત્ર થશે.

### નીતિન પટેલે કરેલી મોટી જાહેરાત

૧. ટપક સિંચાઈને પ્રોત્સાહન આપવા આ રીતે ખેતી કરતા ખેડૂતોને ૧૮ ટકા જીએસટીમાંથી માફી
૨. ૧૮ ટકા ટેક્સ હવે સરકાર ભરશે
૩. ONGCના કામ માટે અપાતી જમીનના ભાડામાં વધારો
૪. tet, tat પાસ કરેલા શિક્ષકોને છૂટા નહીં કરાય અને ૧૦થી વધુ વર્ષથી નોકરી કરતાં શિક્ષકોને માન્ય કરાશે
૫. SC, ST, OBC માટે આવક મર્યાદા વધારાઈ
૬. શહેરી વિકાસ માટે આવક મર્યાદા ૧ લાખ ૨૦ હજાર કરાઈ
૭. સહાય, શિષ્યવૃત્તિ માટે આવક મર્યાદા વધારાઈ, અગાઉ ૪૭ હજારની મર્યાદા હતી
૮. કરાર આધારિત મહિલા કર્મચારીઓની રજામાં વધારો
૯. કરાર આધારિત મહિલા કર્મચારીઓને બે પ્રસૂતિ માટે રજા મળશે
૧૦. એક પ્રસૂતિ માટે ૯૦ દિવસનો પગાર મળશે
૧૧. કરાર પૂર્ણ થયાના ૧૫ દિવસમાં ફરી નિમણૂક કરાશે
૧૨. કરાર આધારિત કર્મચારીઓને અકસ્માત સહાય જેના મુજબ પરિવારને બે લાખ સુધીની સહાય મળશે

## પ્રા. ગૌરાંગ ત્રિવેદી ડી.લિટ.ની પદવી પામ્યા

સાબરમતી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. ગૌરાંગ સી. ત્રિવેદી, B.A., M.A., M.Phil., Ph.D. (Ecos)ને યુનિવર્સિટી ઓફ સાઉથ અમેરીકા દ્વારા તેમના વિવિધ



સંશોધન પત્રોના આધારે Doctor of Letters (D.Litt)ની પદવી એનાયત કરેલ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન. અર્થશાસ્ત્રના વિષયમાં Doctor of Letters (D.Litt)ની પદવી ગુજરાતમાં સૌ પ્રથમવાર એનાયત કરાયેલ છે.



## ચિલોડા પોલીસ સ્ટેશને સ્નેહમિલન-સન્માન સમારોહ યોજાયો

તાલુકાના ચિલોડા મોટા ખાતે નૂતન વર્ષાભિનંદન-સ્નેહમિલન અને સન્માન સમારોહનું ચિલોડા પોલીસ સ્ટેશનના પટાંગણમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ચિલોડા પોલીસ સ્ટેશનના સમાવિષ્ટ ગામોના સરપંચો અને ઉપસરપંચો-સહકારી આગેવાનો ઉપસ્થિત રહી નૂતન વર્ષાભિનંદન નિમિત્તે શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓને પ્રમોશન મેળવનાર પીએસઆઈની ખાતાકીય પરીક્ષામાં સારા ગુણાંક સાથે ઉત્તીર્ણ થવા બદલ તેઓનું શ્રીફળ, સાકર, શાલ, બુકે અને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતુ. આ સાથે હિતેશ રણછોડભાઈ ચૌધરી, ગણપતસિંહ હીરાજી ખાંટ, દશરથ ધનજીભાઈ શર્મા, મનુભાઈ મોતીભાઈ ચૌધરીને પ્રમોશન મેળવવા બદલ મહાનુભાવોના હસ્તે સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.ડી. વાઘેલાએ પ્રમોશન મેળવનાર પોલીસકર્મીઓને પ્રસંશનીય કામગીરી કરવા બદલ શુભેચ્છા પાઠવી હતી.

## જન વિકલ્પ પાર્ટીના ગાંધીનગર જિલ્લા-શહેર પ્રમુખોની વરણી કરાઈ

ગુજરાતમાં ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. રાજકીય પક્ષોના કાર્યકરો ચુંટણીને અનુલક્ષી કમર કસી રહ્યા છે. ત્યારે રાજયના યુવાનો, મહિલાઓ અને સામાન્ય નાગરિકો સુધી અસરકારક રીતે ભાજપ કે કોંગ્રેસ નહી પરંતુ ત્રીજા મોરચા તરીકે 'જન વિકલ્પ મોરચો' ઉપસી રહ્યો છે ત્યારે જન વિકલ્પ પાર્ટીનું રાજય કક્ષાનું માળખુ ઉભું કરી દેવાયું છે. રાજયના જિલ્લા અને શહેર પ્રમુખોની વરણી કરી દેવાઈ છે. ગાંધીનગર જિલ્લામાં જન વિકલ્પ પાર્ટીના પ્રમુખ તરીકે પ્રહલાદભાઈ પટેલ અને ગાંધીનગર શહેર પ્રમુખ તરીકે અમરસિંહ ચૌહાણની વરણી કરવામાં આવી છે. જેને પગલે ગાંધીનગર શહેરના જનવિકલ્પ પાર્ટીના કાર્યકરોમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે તેમજ બંને પ્રમુખોને કાર્યકરોએ અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

સર્વેને નૂતન વર્ષાભિનંદન



શિવમભાઈ રાવલ
પૂર્વ પ્રમુખશ્રી,
ઊંઝા નગરપાલિકા, ઊંઝા

ભક્તજનોને
નૂતન વર્ષાભિનંદન




શ્રી ગણપતિ મંદિર સંસ્થા,
ઐઠોર, તા. ઊંઝા
ફોન : (૦૨૭૬૭) ૨૫૩૫૫૫, ૩૨૪૬૧૪
web : www.shree aithoraganesh.org

સર્વેને નૂતન વર્ષાભિનંદન...
નિરાધારોનો આધાર બનેલ કંથરાવીનું અન્નક્ષેત્ર
કંથરાવી અન્નક્ષેત્ર, કંથરાવી, તા. ઊંઝા
ઠે. - રામદેવપીર મંદિર, બસ સ્ટેન્ડ પાસે, કંથરાવી
આ અન્નક્ષેત્રમાં નિરાધાર, ગરીબ, જરૂરતમંદોને બે ટાઈમ ભોજન આપવામાં આવે છે. તેમજ આસપાસના ગામોમાં દરરોજ નિઃશુલ્ક ટિફિન સેવા. આ અન્નક્ષેત્ર છેલ્લા આઠ વર્ષથી કંથરાવી ગામે શ્રી રામદેવપીરના મંદિરમાં ચાલી રહેલ છે.
નોંધ :- અન્નક્ષેત્રમાં પુણ્યના કામે સદ્ગૃહસ્થો, દાતાઓ તરફથી યથાશક્તિ દાન, ભેટ સ્વીકાર્ય છે.
- : સંચાલકશ્રી : -
નરસિંહભાઈ પટેલ
કંથરાવી, તા. ઊંઝા
મો. નં. ૯૭૨૭૫ ૩૦૭૮૫

નૂતન વર્ષાભિનંદન...
ખુલ્લી હરાજી    ખરૂ તોલ    રોકડા નાણાં
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવા
માર્કેટયાર્ડ, ઉનાવા
ફોન નં. : (ઓ) ૨૫૪૨૫૦ (ઓ) ૨૪૦૦૪૮
ફોન નં. : ચેરમેનશ્રી (રહે.) ૨૫૩૧૦૬, સેક્રેટરીશ્રી - મો. : ૯૮૨૫૦૪૬૮૬૯
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવામાં ખેત ઉત્પાદનના માલો જેવા કે જીરૂ, વરીયાળી, રાયડો વિગેરે તેમજ રૂ, કાલાં કપાસ, તમાકુની જાહેર ખુલ્લી હરાજીથી ખરીદ વેચાણ કરવા તેમજ ખરૂ તેલ રોકડા નાણાં અને બજાર સમિતિ તરફથી ઉભી કરાયેલ અદ્યતન સુવિધાઓનો લાભ લેવા ખેડૂતો તેમજ વેપારીઓને આગ્રહભરી વિનંતી છે.
નોંધ : ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવામાં અદ્યતન ઓટોમેટીક કોટન જીનીંગ પ્રોસેસીંગ યુનિટ બનાવેલ છે. તો ખેડૂતોએ ઉનાવા માર્કેટયાર્ડમાં કપાસનું વેચાણ કરવા આગ્રહ રાખવો તેમજ કોલ્ડ સ્ટોરેજમાં માલ સાચવવાની ઉત્તમ સગવડ છે તેમજ કેન્ટીનમાં જમવાની ઉત્તમ વ્યવસ્થા પણ છે.

વર્ષવાર આંકડા

| વર્ષ | લાયસન્સદારોની સંખ્યા | માલની આવક ક્વિન્ટલમાં | માલનું વેચાણ કિંમત રૂપિયામાં |
|---|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૬૫૩ | ૩૩૧૩૨૭.૮૧ ક્વિ. | ૧,૬૩,૪૯,૭૧,૬૪૦/- |
| ૨૦૧૫-૧૬ | ૭૮૪ | ૩૩૧૩૨૭.૮૧ ક્વિ. | ૧,૭૨,૫૫,૫૪,૩૬૭/- |
| ૨૦૧૬-૧૭ | ૭૧૧ | ૪૭૧૦૭૧.૮૯ ક્વિ. | ૨,૩૧,૪૧,૧૦,૨૬૮/- |

જય કિસાન
રાજેન્દ્રકુમાર કે. પટેલ, સેક્રેટરીશ્રી
ચિરાગભાઈ કે. પટેલ, વાઈસ ચેરમેન
પ્રકાશભાઈ એસ. પટેલ, ચેરમેનશ્રી
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવા